ક્રમાંક/મહેકમ/૬/૯૫૫

કમિશનર કચેરી
મહેકમ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર.
તા. ૦૩/૦૩/૨૦૨૫

વિષય - સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે ફિક્સ પગારથી નિમણુંક આપવા બાબત.
સંદર્ભ - સેનેટરી સબ ઈન્સ્પેકટરની જગ્યા ભરવા માટે નિયુકત થયેલ પસંદગી સમિતિનો તા.૦૧/૦૩/૨૦૨૫નો અહેવાલ.

---

હુકમ –

ભાવનગર મહાર્નગરપાલિકામાં સેનેટરી સબ ઈન્સ્પેકટરની ભરતી કરવા માટે તા.૨૨/૧૦/૨૦૨૩ નાં રોજ લેખિત પરીક્ષા લેવામાં આવેલ છે.જે અન્વયે સંદર્ભ દર્શીત પસંદગી સમિતિના અહેવાલ અનુસાર નીચે જણાવેલ કુલ- ૧ ઉમેદવાર ભાવનગર મહાનગરપાલિકામાં તેમનું નામ તથા દર્શાવેલ વિભાગમાં લીયન અને ફરજ રાખી "સેનેટરી સબ ઈન્સ્પેકટર" તરીકે સરકારશ્રીના નિયમો મુજબ રૂ.૪૦,૮૦૦/- ના ફિક્સ પગાર મુજબ હાજર થયા તારીખથી પાંચ વર્ષ સુધી નિમણુંક આપવા આથી હુકમ કરવામાં આવે છે. નિમણુંકની અન્ય શરતો આ સાથે સામેલ પરિશીષ્ટ- એ મુજબ રહેશે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની કેટેગરી | નિમણુંક કેટેગરી | લીયનનો વિભાગ | ફરજનો વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જૈમિની દેવેન્દ્રભાઈ ડોડિયા | એસ.સી | જનરલ (મહિલા) | ડ્રેનેજ | ડ્રેનેજ |

-:: રવાનગી અર્થે અધિકૃત::-

૦૩/૩/૨૫
વહિવટી અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

સહી/(આર.કે.મહેતા)
કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

<u>નકલ જાણ તથા અમલ થવા સારૂ</u>

(૧) શ્રી.................................
(૨)............................વિભાગ
(૩) નાયબ કમિશનર શ્રી (એડમીન)
(૪) નાયબ કમિશનર શ્રી (જનરલ)
(૫) સીટી એન્જીનીયરશ્રી
(૬) ઓડીટ વિભાગ
(૭) એકાઉન્ટ વિભાગ
(૮) સેન્ટ્રલ એસ્ટા વિભાગ
(૯) કોમ્પ્યુટર વિભાગ ................ ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

## પરિશિષ્ટ – એ
## શરતો

(૧) આ હુકમ મળ્યેથી દિવસ- ૧૫ માં મહેકમ વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો નિયત સમયમાં ફરજ પર હાજર નહી થાવ તો હુકમ આપોઆપ રદ થશે.તે અંગે કોઇ નોટીસ કે પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૨) હાજર થવાના સમયે હાલ જ્યાં ફરજ બજાવો છો તે.સંસ્થા દ્રારા રાજીનામું મંજુર થયાનો આધાર રજુ કરવાનો રહેશે.

(૩) આ નિમણુંક ઉમેદવારની સેવાની શરતો સબંધમાં ભાવનગર મહાનગરપાલિકા,ભાવનગર વખતો વખત જે નિર્ણયો કે નીતી નક્કી કરે તે બંધનકર્તા રહેશે.

(૪) આ નિમણુંક ભાવનગર મહાનગરપાલિકા સેવા(ભરતી અને બઢતી) નિયમો – ૨૦૧૬ની સ.સ.ઠ.આંક -૧૧૫, તા.૧૯/૦૩/૨૦૧૬ થી સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ અમલ કરવા થયેલ ઠરાવ મુજબ તથા આ નિયમોની સરકારશ્રીની મંજુરીને આધીન રહેશે.

(૫) જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તેમજ શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણ પત્રોની ખરી નકલ ફરજ પર હાજર થતા સમયે રજુ કરવાની રહેશે.

(૬) નિયમોનુસાર સર.ટી.હોસ્પિટલ/ સરકારી દવાખાનાનું શારીરિક ફિટનેશનું પ્રમાણપત્ર ફરજ પર હાજર થયેથી છ –માસમાં રજુ કરવાનું રહેશે. ફીટનેસ અંગેનું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન થયેથી નિમણુંક આપો આપ રદ ગણાશે.

(૭) ભાવનગર મહાનગરપાલિકાના તા.૨૫/૦૭/૨૦૧૧ ના હુકમ મુજબ વર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવા પાત્ર રહેશે.

(૮) ફરજ પર હાજર થતા સમયે બે રાજયપત્રિત અધિકારીશ્રીઓનાં ચાલ ચલગત અંગે ચારિત્ર્યના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.તથા કોઇ ગુનો નોંધાયેલ છે કે નહી તે અંગેનું નજીકના પોલીસ સ્ટેશનનું પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૯) જે જગ્યા પર નિમણુંક કરવામાં આવે છે,તે જગ્યા અંગે નિમણુંકી અધિકારી દ્રારા જે ફરજો અને જવાબદારીઓ નક્કી થયેલ છે. તે મુજબ તથા વખતો વખત તેમા જે ફેરફારો કરવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૧૦) નોકરી છોડવા/રાજીનામું આપવા બાબતે ૩૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે અથવા ૧ માસનો નોટીસ પગાર ભરપાઇ કરવાનો રહેશે.

(૧૧) ફીકસ પગારી સમય દરમ્યાનની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઇપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે.આ નિમંણુક તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે ગણાશે.

(૧૨) આ ભરતી માટે ફાઇનલ થયેલ મેરીટ યાદીમાં દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ સીનીયોરીટી ક્રમ જાળવવાનો રહેશે.આ હુકમ અન્વયે ફરજ પર હાજર થયેથી ઉપરોકત તમામ શરતો કબુલ મંજુર છે, તેમ માનવામાં આવશે.

(૧૩) પ્રથમ પાંચ વર્ષના સમયગાળામાં તેઓની પ્રતિ વર્ષ ૧૨(બાર) પરચુરણ રજાનો લાભ અને આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૫(પંદર) ખાસ વધારાની રજા મળશે જે આગામી વર્ષમાં આગળ ખેંચી શકાશે પરંતુ આવી રજા ૩૦ (ત્રીસ) થી વધુ જમા થઇ શકશે નહી જયારે પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઇજામાં ખાસ રજા ખાતાના સંબંધિત વિભાગની મંજુરી લેવાની રહેશે. મહિલા કર્મચારીઓ માટે કરારના સમયગાળા દરમ્યાન જી.સી.એસ.આર. નિયમો -૨૦૦૨ તથા સરકારશ્રી પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર રહેશે. પુરૂષ કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો,૨૦૦૨ ના નિયમ-૭૦ તથા સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ પિતૃત્વની રજાઓનો લાભ મળવાપાત્ર થશે.ઉકત જોગવાઇ

સિવાય અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી અને ફરજ પરની ગેરહાજરીનો પગાર કપાત કરવામાં આવશે અને કરારનો સમયગાળો લંબાવવામાં આવશે.

(૧૪) કરાર આધારિત નોકરીમાં નિમણૂંકનાં સમયગાળા દરમ્યાન ઉમેદવાર મૃત્યુ પામે તેવા કિસ્સામાં તેમણે બજાવેલી ફરજનાં સમયગાળાનાં ફીક્સ વેતન, લેણી રકમ, તેમનાં કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ પેન્શન / ગ્રેચ્યુઈટી તેમજ બીજા નાણાંકીય લાભ કે એકસગ્રેશીયા લાભો મળવાપાત્ર રહેશે નહિં.

(૧૫) કરાર આધારિત નિમણૂંકમાં પાંચ વર્ષ પુરા થયે નિયમિત નિમણૂંક અંગે તમામ શરતો પૂર્ણ થયે નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવે ત્યારે નાણાંવિભાગના તા.૧૮/૧/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ અનુસાર પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવર્તતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતી સમયે નિવૃતી વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવામાં આવશે.

(૧૬) વ્યવસાય વેરાની કપાત ફિક્સ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૭) તેઓની સેવાપોથી નિભાવવાની રહેશે અને જન્મ તારીખની ખરાઈ અંગેની વિગતો ફરજ ઉપર હાજર થાય તે સમયે કરી નોંધ કરવાની રહેશે.

(૧૮) કરારના ધોરણે નિમણૂંકના પાંચ વર્ષના સમયગાળામાં સરકારશ્રી ધ્વારા ઠરાવેલા નમુનાનું કામગીરી મુલ્યાંકન અહેવાલ ભરવાના રહેશે. પાંચ વર્ષ બાદ તેમને નિયમિત જગ્યા પર નિમણૂંક આપવાની વિચારણા કરતી વખતે આ કામગીરી મુલ્યાંકન અહેવાલ ધ્યાને લેવાનો રહેશે.

(૧૯) ભાવનગર મહાનગરપાલિકા તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ કરાર આધારિત નિમણૂંક પામેલ કર્મચારીને બંધનકર્તા રહેશે.

(૨૦) કાર્યમથક પરનાં રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૨૧) કોમ્પ્યુટર કૌશલ્યના તાલીમ અને પરિક્ષા નિયમો–૨૦૦૬ ની જોગવાઈ મુજબ ભાવનગર મહાનગરપાલિકા ની સેવામાં દાખલ થયા બાદ સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની સી.સી.સી. પરિક્ષા સરકાર ધ્વારા માન્ય કેન્દ્રો ધ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહેશે. અરજી સમયે રજુ કરેલ સી.સી.સી. સર્ટી સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત તરીકે છે. જેથી પસંદગી યાદી બાદ સરકારશ્રીની ખાતાકીય તાલીમ ભાગરૂપે અજમાયશી સમય દરમ્યાન સરકારે ઠરાવેલી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની સી.સી.સી.ની સરકારશ્રીના પરિક્ષા કેન્દ્રો ધ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૨૨) કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહિં જાહેર રજાના દિવસોએપણ સરકારી/ કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહીં.